I & M Deptt.
IWDMS (Registry)
Officer
COMP. ID.NO. 2848667 | 116

**માટીમાંથી મૂર્તિ બનાવવાના પ્રોજેકટના અમલીકરણ બાબત**

**ગુજરાત સરકાર**

ઉદ્યોગ અને ખાણ વિભાગ

ઠરાવ ક્રમાંક: બજટ/૧૦૨૦૧૫/૧૪૪૮(૮૪૮૪૩૮)/ખ-૧

સચિવાલય ગાંધીનગર

**તા. ૦૭/૦૫/૨૦૧૬**

**વંચાણે લીધાઃ**

(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ ઠરાવ ક્રમાંકઃઆરટીઆઇ/૧૦૨૦૧૫ /૫૦૫/ખ-૧, તા. ૨૨-૭-૨૦૧૫

(૨) કમિશનરશ્રી, કુટીર અને ગ્રામોધોગ, ગાંધીનગરનો તા. ૨૫/૦૪/૧૬ નો પત્ર ક્રમાંક: તલમ/૦૧/ગ-૧/૪૦૩/૨૦૧૬

**પ્રસ્તાવના:**

માટીની મૂર્તિના ઉત્પાદનને પ્રોત્સાહન આપવાની સરકારશ્રીની નીતિના ભાગરૂપે કલે આઇડોલના ઉત્પાદન અને વિસર્જનને પ્રોત્સાહન આપવા માટે રાજયના ત્રણ મુખ્ય શહેર અમદાવાદ, વડોદરા અને સુરત માં સંસ્થા દ્વારા પાયલોટ પ્રોજકેટનું અમલીકરણ કરવામાં આવી રહેલ છે. પ્રથમ વર્ષે પાયલોટ પ્રોજેકટને મળેલી સફળતા અનુસાર રાજયમાં માટીની મુર્તિના ઉત્પાદન અને વપરાશને પ્રોત્સાહન આપી પ્લાસ્ટર ઓફ પેરીસથી પર્યાવરણને થતા નુકશાનને અટકાવવા પ્રોજેકટ અન્વયે માસ્ટર ટ્રેઇનર તૈયાર કરવા તથા કારીગરોને વિનામૂલ્યે તાલીમ, તાલીમ પામેલ કારીગરોને વ્યવસાયના સ્ટાર્ટ અપ માટે વિના મૂલ્યે માટી અને ટુલકીટ, માટીની મૂર્તિ અંગે સંશોધન અને વિકાસ, પ્રચાર અને પ્રસાર તથા માટી મેળાના આયોજન દ્વારા બજાર સપોર્ટ પુરો પાડવા અંગેના પ્રોજેકટના અમલીકરણની બાબત સરકારશ્રીની પુખ્ત વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ**

આ બાબતે કાળજીપૂર્વકની વિચારણાને અંતે રાજયમાં માટીની મૂર્તિના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા યોજનાની દરખાસ્તમાં દર્શાવ્યા મુજબના કારીગરોને વિનામૂલ્યે તાલીમ, તાલીમ પામેલ કારીગરોને વ્યવસાયના સ્ટાર્ટ અપ માટે વિના મૂલ્યે માટી અને ટુલકીટ, માટીની મૂર્તિ અંગે સંશોધન અને વિકાસ, પ્રચાર અને પ્રસાર તથા માટી મેળાના આયોજન દ્વારા બજાર સપોર્ટ પુરો પાડવાના પ્રોજેકટને નીચેની શરતો અને બોલીઓને અધીન અનુમતી આપવામાં આવે છે.

(૧) આ યોજના અન્વયે પ્રોજેકટ દરખાસ્તમાં દર્શાવ્યા મુજબ પ્રભાગવાર નિયત ધારા ધોરણો એનેક્ષ્ચર-૧ માં દર્શાવ્યા મુજબ ખર્ચ કરવાનો રહેશે.

(૨) વેચાણ સહાય ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ ઠરાવ ક્રમાંકઃઆરટીઆઇ/ ૧૦૨૦૧૫ /૫૦૫/ખ-૧ તા. ૨૨-૭-૨૦૧૫ની જોગવાઇ મુજબ કલેઇમ કમીટી દ્વારા મંજૂર કરવામાં આવે તે મુજબ લાભાર્થીઓને ચેક/ડી.ડી થી ચુકવવાના રહેશે.

(૩) યોજના અન્વયે લેવાના થતા ટેકનિકલ નિર્ણયો પરત્વે કલે આઇડોલ પ્રોજેકટ અન્વયે રચવામાં આવેલ ટેકનિકલ કમીટીની ભલામણ મુજબ રાજય કક્ષાની સ્ટીયરીંગ કમીટીની મંજૂરી મેળવવાની રહેશે.

(૪) જાહેરાત તથા પ્રચાર અને પ્રસાર અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇની મર્યાદામાં પ્રોજેકટ અન્વયે રચવામાં આવેલ મીડીયા કમીટી દ્વારા ભલામણ કરેલ મીડીયા પ્લાન મુજબ રાજય કક્ષાની સ્ટીયરીંગ કમીટીની મંજૂરી મેળવીને કરવાનો રહેશે.

(૫) વેચાણ પ્રોત્સાહન માટે ઇન્ડેક્ષ્ટ-સી દ્વારા વેચાણ મેળાનું આયોજન કરવાનું રહશે જેમાં કારીગરોને વિના મૂલ્યે સ્ટોલની ફાળવણી કરવાની રહશે. મૂર્તિ મેળા અંગેના ખર્ચ માટે ઇન્ડેક્ષ્ટ-સી એ તેના બજેટમાં પર્યાપ્ત જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૬) કારીગરોના માલ સામાનના વાહતુક માટે મેળા દરમ્યાન સંસ્થાના નિયામક મંડળની બેઠકમાં નિર્ણય લઇ તે મુજબ અમલીકરણ કરવાનું રહેશે.

(૭) આ યોજનાનું અમલીકરણ કમિશ્નરશ્રી (કુટિર અને ગ્રામોદ્યોગ) ના માર્ગદર્શન હેઠળ કરવાનું રહશે. યોજના અન્વયે કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ દ્વારા વખતો વખતો બહાર પાડવામાં /આપવામાં આવતી સૂચનાનો અમલ કરવાનો રહેશે.

(૮) યોજનાના અમલીકરણ માટે પ્રોજેક્ટ એડવાઇઝર, ફિલ્ડ સ્ટાફ તથા જરૂરી માસ્ટર ક્રાફ્ટ મેનની સેવા આઉટ સોર્સીંગ/ કરાર આધારીત સ્ટાફ મારફત મેળવવાની રહેશે.

(૯) દર વર્ષે કારીગરો તથા અન્ય સ્ટેક હોલ્ડર્સના ફીડ બેક મેળવી યોજનાનું મૂલ્યાંકન કરવાનું રહેશે અને તેના તારણો મુજબ જરૂરી સુધારા-વધારા કરી યોજનાનું આગામી વર્ષમાં અમલીકરણ કરવાનું રહેશે.

(૧૦) આ યોજના અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૧૧) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઓચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૧૨) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગં અને ખાણ વિભાગના ટેન્ડરીંગ અંગેની વખતોવખત સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૩) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૪) ઉ.ખા.વિ.ના સંદર્ભમાં દર્શાવેલ તા. ૨૨/૭/૨૦૧૫ ના ઠરાવની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

યોજના અન્વયે પ્રવર્તમાન નિયમોને આધિન જરૂરીયાત પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

આ યોજના અન્વયે વર્ષ ૨૦૧૬-૧૭ ના બજેટ માં કુલ રૂ.૫૬૫.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવે છે. સહાયનો ખર્ચ નીચેના બજેટ સદરે કરવાનો રહેશે.

**માંગણી નં. : ૪૯ (પ્લાન)**
**મુખ્ય સદર : ૨૮૫૧ ગ્રામ અને લઘુ ઉદ્યોગો**
**ગૌણ સદર : ૨૦૦ અન્ય ગ્રામ ઉદ્યોગો**
**પેટા સદર : (૦૧) આઇ.એન.ડી. ૩૦ ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ્ય પ્રાદ્યોગિકી સંસ્થાન**
**હેતુ સદર : ૩૧૩૫ અન્યને જનરલ સહાયક અનુદાન**

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા. ૦૫/૦૫/૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એ.બી.મુની)
ઉપ સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ